# ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૪૩

## તારીખ.૦૭–૦૩–૨૦૧૯

આથી ઠરાવ કરવામાં આવે છે કે રાષ્ટ્રીય પર્વ સને.૨૦૧૭–૧૮ અન્વયે આયોજન/ રા.પ.(૨૬ જાન્યુ) વહટ/વશી/૫૪૮/તારીખ.૩૧–૧૨–૨૦૧૮થી નીચેના કામો મંજુર થયેલ છે.

| અ.ન. | કામનું નામ | રકમ |
|---|---|---|
| (૧) | ખંભાત (શ) માં નાનો ભાટવાડો સી.સી. રસ્તો | ૩,૨૪,૦૦૦/– |
| (૨) | ખંભાત (શ) માં ઝંડાચોક ડાયમંડની બાજુમાં આવેલ ગલીમાં સી.સી.રસ્તાનું કામ | ૨,૧૫,૦૦૦/– |
| (૩) | ખંભાત (શ) માં અકબરપુર મનોજભાઈ મકવાણા પાસે બ્લોક પેવીગ | ૨,૫૭,૦૦૦/– |

આ અંગે જરૂરી ભાવ પત્રકો મેળવવા નયા પડકાર દૈનીક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરી સી.સી./બ્લોક પેવીગના ભાવ પત્રક મંગાવવામાં આવેલ છે. આ અંગે તારીખ.૧૫–૦૨–૨૦૧૯ સુધીમાં ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખ રાખેલ તથા તારીખ.૨૦–૦૨–૨૦૧૯ સુધીમાં પરત લેવાની તારીખ રાખેલ આ બાબતે તારીખ.૧૫–૦૨–૨૦૧૯ સુધીમાં કોઈ પણ ટેન્ડર કોપી ઈસ્યુ થયેલ નહી આ અંગે બીજા પ્રયત્નની જાહેરાત નયા પડકાર દૈનીક પેપરમાં પ્રસિધ્ધ કરી તારીખ.૨૨–૦૨–૨૦૧૯ સુધીમાં ટેન્ડર ઈસ્યુની તથા તારીખ.૨૬–૦૨–૨૦૧૯ સુધીમાં પરત લેવાની તારીખ રાખેલ આ બાબતે નિયત સમય મર્યાદામાં ત્રણ (૩) ટેન્ડર કોપી ઈસ્યુ થયેલ તથા ત્રણ (૩) કોપી પરત આવેલ છે. આ બાબતે અકબરપુર લીમડા શેરીમાં ડાઈગ ઈન્ટર લોકીગ બ્લોકની કામગીરી અન્વયે આવેલ ભાવ પત્રક ઓપન કરી તુલનાત્મક પત્રક બનાવતા શ્રી પ્રતાપભાઈ એસ.ગઢવીના ભાવ અંદાજીત રકમ રૂપીયા. ૨,૪૭,૨૪૯/– થી ૪ % ટકા વધુ પ્રમાણે આવેલ છે તથા નાના ભાટવાડો અને ડાયમંડ ગલીમાં સી.સી. રસ્તાની કામગીરી અંદાજીત રકમ રૂપીયા.૩,૩૨,૨૧૮/– થી ૨.૫ ટકાથી વધુ પ્રમાણે આવેલ છે. આ બાબતે શ્રી પ્રતાપભાઈ એસ. ગઢવીને રૂબરૂ બોલાવતા તેઓ અકબરપુર લીમડા શેરીમાં ડાઈગ ઈન્ટર લોકીગ બ્લોકની કામગીરી અન્વયે ભરેલ ભાવમાં

૫ % ટકાનો ઘટાઢો કરી રૂપીયા. ૨,૪૭,૨૪૯/– થી ૧ % (એક ટકા) ઓછા પ્રમાણે કરી આપવા સંમતી આપેલ છે તથા નાનો ભાટવાડો અને ડાયમંડ ગલીથી ૨.૫ % ટકાનો ઘટાડો કરી અંદાજીત રકમ રૂપીયા. ૩,૩૨,૨૧૮/– પ્રમાણે કામગીરી કરી આપવા સંમતી આપેલ છે. આમ શ્રી પ્રતાપભાઈ એસ. ગઢવીના અકબરપુર લીમડાશેરીમાં અંદાજીત રકમ રૂપીયા ૨,૪૭,૨૪૯/– થી ૧% (એક) ટકા ઓછા પ્રમાણે પણ ડાયમંડ ગલી અને નાના ભાટવાડા માં રૂપીયા.૩,૩૨,૨૧૮/–પ્રમાણે મંજુર કરવામાં આવે છે અને આગળની તમામ કાર્યવાહી કરવાની સત્તા પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી સમીતી અને ચીફ ઓફીસરશ્રીને આપવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ

સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી

# ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૪૪

## તારીખ.૦૭–૦૩–૨૦૧૯

આથી ઠરાવ કરવામાં આવે છે કે "માદળા તળાવ પાસે લાયબ્રેરી કમ શોપીગ સેન્ટરની કામગીરી સરકારશ્રીની યુ.ડી.પી.૮૮ સને.૨૦૧૬–૨૦૧૭ અંતર્ગત મંજુર થયેલ છે સદર કામગીરીમાં ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ ફલોરમાં ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી અન્વયે અંદાજીત રકમ રૂપીયા.૨,૭૯,૧૯૦/– અંકે રૂપીયા. બે લાખ અગણ્યાએસી હજાર એકસો નેવું પુરાની તાંત્રીક મંજુરી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી/સી.૩/૨૩૪/૨૦૧૯ થી તારીખ. ૦૨–૦૧–૨૦૧૯ થી મળેલ આ બાબતે આ અંગેના ભાવ પત્રક "નયા પડકાર" દૈનીક પેપરમાં પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ આ અંગે ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખ.૦૭–૦૨–૨૦૧૯ તથા પરત લેવાની તારીખ.૧૦–૦૨–૨૦૧૯ રાખેલ આ અંગે નિયત સમય – મર્યાદામાં ૩(ત્રણ) ટેન્ડર ઈસ્યુ થયેલ અને પરત આવેલ આ બાબતે આવેલ ભાવો ઓપન કરી તુલનાત્મક પત્રક બનાવતા "મહેશ કન્સ્ટ્રકશન" ના ભાવ અંદાજીત ભાવ રૂપીયા. ૨,૭૧,૦૫૩/– થી ૦.૫ % ટકા વધુ પ્રમાણે આવેલ. આ બાબતે મહેશ કન્સ્ટ્રકશન ને રૂબરૂ બોલાવતા ભરેલ ભાવોમાં ૧% ટકાનો ઘટાડો કરી અંદાજીત ભાવ રૂપીયા.૨,૭૧,૦૫૩/– થી ૦.૫ % ટકા ઓછા પ્રમાણે સમતી આપેલ છે જે મંજુર કરવામાં આવે છે. સદર કામગીરી નો ખર્ચ યુ.ડી.પી.૮૮ સને.૨૦૧૬–૨૦૧૭ અન્વયે બચત હેઠળ કરવા ઠરાવવામાં આવે છે આગળની તમામ કાર્યવાહી કરવાની સત્તા પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફીસરશ્રી ને આપવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી